# સ્નેહા ફાઉન્ડેશન

ટ્રસ્ટ રજી. નં. એફ/૨૮૬૭ (ભાવનગર) સોસાયટી રજી. નં. ગુજરાત/૨૯૪૫/ભાવનગર

## માર્ચ-૨૦૨૫

## મહિલા દિવસની ઉજવણી

તારીખ **૦૮ માર્ચ ૨૦૨૫**ના રોજ **સ્નેહા ફાઉન્ડેશન** સંસ્થામાં **આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ**ની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે બાળકો માટે વિશેષ પ્રવૃતિઓનું આયોજન કરાયું, જેમાં તેમણે ભારતીય મહાન મહિલાઓના યોગદાન પર પ્રોજેકટ તૈયાર કર્યા હતાં.

બાળકોને પ્રેરિત કરવા માટે ભારત માટે કોઈ મહત્ત્વપૂર્ણ ભુમિકા નિભાવનાર મહિલાઓના ફોટા લગાવી તેમના જીવન અને સફળતાની ગાથાઓ પર આધારિત પ્રસ્તાવનાઓ બનાવવાનું કહેવામાં આવ્યું હતું. આ પ્રવૃત્તિ દ્વારા બાળકોને રાણી લક્ષ્મીબાઈ, ઈન્દિરા ગાંધી, કલ્પના ચાવલા, કિરણ બેદી, મેરીકોમ અને અન્ય વિખ્યાત મહિલાઓના સંઘર્ષ અને સિદ્ધિઓ વિશે જાણવાનો અવસર મળ્યો હતો.

આજના બાળકો આપણા ભવિષ્ય છે, તેમને પ્રેરણાદાયી વ્યકિતગત વારસાથી માહિતગાર કરવું મહત્ત્વપૂર્ણ છે. આ પ્રકારની પ્રવૃત્તિઓ દ્વારા અમે બાળ મનને સામાજિક અને રાષ્ટ્રીય ઉન્નતિ માટે પ્રોત્સાહિત કરવા માટે પ્રયત્નશીલ છીએ.






સ્થળ

પ્લોટ નં. ૨૦૩-એ, સુર્યાવાળો ચોક, આનંદનગર વિમાના દવાખાના સામેનો ખાંચો, ખેડુતવાસ, ભાવનગર - ૩૬૪ ૦૦૫ (ગુજરાત)

snehafoundation1709@gmail.com ૯૩૨૮૨૮૩૨૮૧ Snehafoundation Trust

www.snehafoundation.co.in Snehafoundation Trust Snehafoundation Trust



# લર્નિંગ સેન્ટર

ધોરણ-૧ થી ૯ના બાળકોનું શિક્ષણ રાબેતા મુજબ શરૂ રહ્યું જેમાં માર્ચ માસ દરમિયાન અલગ-અલગ પદ્ધતિથી વાંચન પર વધુ ધ્યાન આપવામાં આવ્યું અને પરીક્ષા લક્ષી તૈયારીઓ કરાવવામાં આવી હતી.

આ સાથે ધોરણ ૫ થી ૯ના બાળકોની પરીક્ષાને ધ્યાનમાં રાખી સંસ્થા દ્વારા બાળકોની પરીક્ષા લેવામાં આવી હતી અને બાળકોના વાલીઓ સાથે પરીક્ષાને ધ્યાનમાં રાખી વાલી મિટિંગ યોજવામાં આવી હતી.




# એન. પી. મહેતા પ્રાથમિક શાળાનો અહેવાલ

માર્ચ માસ દરમિયાન સ્નેહા ફાઉન્ડેશન સંસ્થા દ્વારા સંચાલિત એન. પી. મહેતા પ્રાથમિક શાળામાં દર શનિવારે બાળસભાનું આયોજન થાય છે જેમાં બાળકોને અલગ અલગ પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે. જેમ કે, સાંસ્કૃતિક કૃતિઓ, નાટક, એકપાત્રીય અભિનય, બાળગીતો, જોકસ અને ઉખાણા પુછવા અને રજુ કરવા જેવી વિગેરે પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે.

આ સાથે શાળામાં બાળકોને વાંચન, લેખન, ઓળખ અને ગણનના જ્ઞાનમાં વધારો થાય તે માટે અલગથી લેકચર રાખવામાં આવે છે. જેમાં બાળકોને તેના લેવલ લીધેલ હોય તે પ્રમાણે શિક્ષકો દ્વારા શિખવવામાં આવે છે. આ સાથે બાળકોને સમય જોતા, આકારો ઓળખતા, રંગો, ફળ, ફુલ, શાકભાજી વગેરેની ઓળખ કરતાં શિખવવામાં આવે છે. આ સાથે બાળકોમાં અવલોકનની વૃત્તિ વિકસે તે માટે શિક્ષકો દ્વારા બે ટેબલ પર ઘણી બધી વસ્તુંઓ રાખી બાળકોને બતાવવામાં આવે છે. જે પછી દરેક બાળક દ્વારા તેનું વર્ગીકરણ કરી તેને પુછવામાં આવતું હોય છે. જે પછી આંખે પાટો બાંધી ચાખીને, સુંઘીને વિગેરે અવલોકનની પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે. આ સાથે બાળકોને ટેકનોલોજી સાથે ચાલવા માટે શાળામાં કોમ્પ્યુટર પણ શિખવવામાં આવે છે. જેમાં બાળકોને માઉસ, કિ-બોર્ડ, સી. પી. યું., મોનિટર, હાર્ડવેર અને સોફટવેરની પણ માહિતી આપવામાં આવી હતી.

આ સાથે આ માસમાં શાળામાં વાર્ષિક પરિક્ષાને ધ્યાનમાં લઈને બાળકોની વાલી મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તેઓ બાળકને ફોનનો વધુ પડતો ઉપયોગ ન કરવા દે, બાળક પર ઘરે થોડું ધ્યાન આપે, પરિક્ષામાં સમયસર હાજર રાખે અને થોડી કાળજી રાખે વિગેરે જેવા મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.



# સર્વાંગી વિકાસલક્ષી પ્રવૃત્તિ

## ➤ ફાયર સેફટી ટ્રેનિંગ

તારીખ ૧૬ માર્ચ ૨૦૨૫ના રોજ સ્નેહા ફાઉન્ડેશન સંસ્થાના વિદ્યાર્થીઓ માટે ફાયર સેફટી અંગે માહિતી આપવામાં આવી અને પ્રેક્ટિકલ દ્વારા સમજુતી આપવામાં આવી હતી.

આ પ્રકારના કાર્યક્રમો દ્વારા વિદ્યાર્થીઓને આગની જાતો, આગ નિયંત્રણની પદ્ધતિઓ, અગ્નિશામકનો ઉપયોગ અને આપાતકાલીન પરિસ્થિતીઓમાં સુરક્ષિત રીતે બચવાના ઉપાયો વિશે જ્ઞાન પ્રાપ્ત થાય છે. પ્રેકટીકલ ટ્રેનિંગ દ્વારા તેઓને હકીકતમાં કેવી રીતે સમજીને શાંત રહી કાર્ય કરવું તે સમજ આપી હતી.

આ સાથે બાળકોને ઘર, શાળા કે બહાર કોઈ જગ્યાએ આગ લાગે ત્યારે શું કરવું જોઈએ?, તરત શાંત રહેવું અને ગભરાવું નહીં, આગના સ્ત્રોતથી દુર રહેવું અને સલામત બહાર નીકળવાનો માર્ગ શોધવો, સંતુલિત રીતે દરવાજો ખોલવો-જો ધુમાડો કે તાપ લાગે તો બીજો રસ્તો શોધવો, પરંતુ જો વધુ આગ લાગી હોય તો સુરક્ષિત જગ્યાએથી બહાર નીકળી જવું, ફાયર બ્રિગેડને જાણ કરવી વગેરે જેવી બાબતો પર બાળકોને સમજાવવામાં આવ્યા હતાં.





## ➤ આંતરરાષ્ટ્રીય વન દિવસ

### પર્યાવરણને બચાવીએ, જંગલોને જીવંત રાખીએ.

તારીખ ૨૧ માર્ચ ૨૦૨૫ના રોજ સ્નેહા ફાઉન્ડેશન સંસ્થામાં આંતરરાષ્ટ્રીય વન દિવસ નિમિત્તે કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં બાળકોને જંગલોના મહત્ત્વ, વન્યજીવોના સંરક્ષણ અને પર્યાવરણને સાચવવાના વિવિધ ઉપાયો અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

કાર્યક્રમ દરમિયાન બાળકોને વન્યજીવોની જીવનશૈલી વિશે રસપ્રદ કિસ્સાઓ દ્વારા માહિતગાર કરવામાં આવ્યા હતાં. જંગલોના નુકસાનથી થતાં પ્રભાવો અને પર્યાવરણ પર પડતા અસરકારક પરિણામો અંગે પણ તેઓને સમજાવવામાં આવ્યું હતું. તેમજ વન સંરક્ષણ માટેના સરળ પગલાંઓ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

સ્નેહા ફાઉન્ડેશનના આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ ભવિષ્યની પેઢીને પ્રકૃતિ પ્રત્યે સંવેદનશીલ અને જાગૃત બનાવવાનો છે. સંસ્થા દ્વારા આવનારા સમયમાં પણ પર્યાવરણ જાગૃત્તિ માટે આવા અર્થપૂર્ણ કાર્યક્રમો યોજાતા રહેશે.







## ● વિશ્વ જળ દિવસ

તારીખ **૨૨ માર્ચ ૨૦૨૫**ના રોજ **સ્નેહા ફાઉન્ડેશન** સંસ્થા દ્વારા **વિશ્વ જળ દિવસ** નિમિત્તે કાર્યક્રમ દરમિયાન જળ સંરક્ષણ, હિમનદી સંરક્ષણ અને પર્યાવરણ જાગૃત્તિ પર વિશેષ ભાર મુકી સમજાવવામાં આવ્યા હતાં.

સ્નેહા ફાઉન્ડેશનના શિક્ષકો દ્વારા બાળકોને સામાજીક જવાબદારી નિભાવતા જળ બચાવ, ફ્લેટ અને વસાહત જેવા વિસ્તારમાં વરસાદી પાણીના સંગ્રહ અને જળને વેડફતા અટકાવવા વિવિધ જાગૃત્તિ અભિયાન ચલાવવા અંગે મહત્ત્વપૂર્ણ માહિતી આપી હતી. પાણીના મહત્ત્વને સમજાવવા માટે વનસ્પતિ વાવેતર અને જળ સંરક્ષણ માટે સમૂહ પ્રતિજ્ઞા પણ બાળકો દ્વારા લેવામાં આવી હતી.





## ● શહિદ દિવસ

તારીખ ૨૩ માર્ચ ૨૦૨૫ના રોજ સ્નેહા ફાઉન્ડેશન સંસ્થામાં શહિદ દિવસ નિમિત્તે બાળકોને ભારત માતાના અમર શહિદોના બલિદાન વિશે માહિતી આપવામાં આવી હતી અને તેમની કુરબાનીને નમન કરવામાં આવ્યું હતું.

ભગતસિંહ, રાજગુરૂ, સુખદેવ અને ચંદ્રશેખર આઝાદ જેવા ક્રાંતિકારીઓના ચિત્રો દર્શાવી બાળકોને તેમની શૌર્યગાથા સાથે પરિચિત કરાવવામાં આવ્યા હતાં. આ ઉપરાંત દેશભકિત પ્રવચન દ્વારા વિદ્યાર્થીઓએ પણ રાષ્ટ્રપ્રેમની લાગણી વ્યકત કરી હતી.

સંસ્થાના શિક્ષક મંડળ દ્વારા રાષ્ટ્રસેવા અને દેશપ્રેમના ઉત્તમ ઉદાહરણો રજુ કરવામાં આવ્યા હતાં. જેથી બાળકોને પ્રેરણા મળી શકે. કાર્યક્રમના અંતે શાંતિ અને એકતા જાળવવાના સંકલ્પ સાથે શપથ પણ લેવામાં આવી હતી.








## ● વૈદિક ગણિત

તારીખ ૨૮ માર્ચ ૨૦૨૫ના રોજ સ્નેહા ફાઉન્ડેશન સંસ્થામાં સર્વાંગી વિકાસલક્ષી પ્રવૃત્તિના ભાગરૂપે વૈદિક ગણિતથી સરળ રીતે દાખલા કઈ રીતે ગણી શકાય તેનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકોને વર્ગ વાળા, મોટા ગુણાકાર અને સૂત્રો વિગેરે ઝડપી અને સરળ રીતે શીખી શકે તે માટે વૈદિક ગણિતની રીતની મદદથી શિખવવામાં આવ્યાં હતાં.

સ્નેહા ફાઉન્ડેશન સંસ્થા દ્વારા બાળકોને જણાવ્યું કે આ પ્રકારના શિક્ષણ પ્રેરિત કાર્યક્રમો દ્વારા બાળકોના ગણિત પ્રત્યેના ભયને દુર કરી તેઓ ઝડપી ગણતરી કરી શકશે અને તેમની સ્મૃતિ શકિતમાં પણ સુધારો થશે. જેથી ભવિષ્યમાં પણ બાળકોના સર્વાંગી વિકાસ માટે આવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે.







# તહેવારોની ઉજવણી

## ● હોળી ધુળેટી પર્વની ઉજવણી

સ્નેહા ફાઉન્ડેશન સંચાલિત એન. પી. મહેતા પ્રાથમિક શાળા અને સ્નેહા ફાઉન્ડેશન સંસ્થાના બાળકો દ્વારા તારીખ ૧૩ માર્ચ ૨૦૨૫ના રોજ હર્ષોલ્લાસભેર હોળીનો પર્વ ઉજવવામાં આવ્યો હતો. આ ઉત્સવ બાળકો માટે આનંદ, એકતા અને રંગોની મસ્તીની અનુભુતિ કરાવતો રહ્યો હતો.

બાળકોએ પરંપરાગત અને પ્રાકૃતિક રંગોથી હોળી રમી, પર્યાવરણ જાળવણીનો સંદેશ આપ્યો હતો. આ ઉપરાંત સંસ્થાના શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને હોળીનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું હતું.

સ્નેહા ફાઉન્ડેશનના પ્રતિનિધિઓએ જણાવ્યું કે ‘‘હોળી માત્ર રંગોનો તહેવાર નથી, પરંતુ પ્રેમ, સમરસતા અને પરસ્પર સુમેળનો સંદેશ વહન કરતો પર્વ છે. બાળકોના ચહેરા પર ખુશીની ઝળહળતા જોવું એ અમારું સૌથી મોટું પ્રેરણાસ્ત્રોત છે.’’





# તરૂણાવસ્થા

સ્નેહા ફાઉન્ડેશન સંસ્થા દ્વારા કાર્યરત **તરૂણાવસ્થા** પ્રોજેકટ અંતર્ગત કુલ **૧૩૪** દિકરીઓને **સેનેટરી પેડ્સ**નું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રોજેકટના નિયમિત કાર્યથી આજે સંસ્થા સાથે જોડાયેલ તમામ દિકરીઓ પેડ્સનો ઉપયોગ કરતી થઈ જેના કારણે સ્ત્રીઓમાં થતાં રોગોનું પ્રમાણ ઘટયું અને દિકરીઓમાં જાગૃતતા આવી હતી.

# મદદનીશ સેન્ટર

## ● દિકરીઓને સહાય

**માલાબાર ગોલ્ડ**ના કોર્પોરેટ સામાજીક જવાબદારી (CSR) પ્રોજેકટ અંતર્ગત **સ્નેહા ફાઉન્ડેશન** સંસ્થાની **૮** દિકરીઓને શિષ્યવૃત્તિ આપવામાં આવી હતી. આ પહેલ દ્વારા માલાબાર ગોલ્ડ સમાજમાં શિક્ષણ અને મહિલાઓના સશકિતકરણ પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવે છે. સ્નેહા ફાઉન્ડેશન સાથેની ભાગીદારી દ્વારા આ શિષ્યવૃત્તિ દિકરીઓને તેમના શૈક્ષણિક લક્ષ્યો પ્રાપ્ત કરવામાં મદદ કરશે અને તેમના ભવિષ્યને ઉજજવળ બનાવશે.

આ પ્રોજેકટ માટે સ્નેહા ફાઉન્ડેશન સંસ્થા અને સંસ્થાની દિકરીઓ **માલાબાર ચેરીટેબલ ટ્રસ્ટ**નો હૃદય પૂર્વક આભાર વ્યકત કરે છે.








# બાળકો માટેની અન્ય પ્રવૃત્તિઓ

સંસ્થા દ્વારા જરૂરિયાતમંદ બાળકોને શિક્ષણ આપવાની સાથે સાથે જીવન જરૂરિયાતની વસ્તુનું વિતરણ પણ કરવામાં આવે છે.

➤ **વર્ષ ૨૦૨૫ના માર્ચ મહિનામાં બાળકોને આહારના વિતરણની યાદી અને દાતાશ્રીઓના નામ નીચે મુજબ છે.**

| ક્રમ | પ્રસંગનું નામ | બાળકોની સંખ્યા | | | દાતાશ્રી નું નામ |
|---|---|---|---|---|---|
| | | M | F | T | |
| ૧. | સ્વ. નટવરલાલ ગોહેલની પૂણ્ય તિથિ નિમિત્તે સંસ્થાના બાળકોને પૌષ્ટિક આહાર આપવામાં આવ્યો હતો. | ૨૩૨ | ૨૪૧ | ૪૭૩ | સ્વ. નટવરલાલ ગોહેલ |
| ૨. | સ્વ. અરૂણાબેન શાહની પૂણ્ય તિથિ નિમિત્તે સંસ્થાના બાળકોને પૌષ્ટિક આહાર આપવામાં આવ્યો હતો. | ૨૨૭ | ૨૩૭ | ૪૬૪ | શ્રી ભારતીબેન ધ્રુવ<br>શ્રી સ્મિતાબેન ગાંધી<br>શ્રી હરિશભાઈ ગાંધી<br>શ્રી ઓમ ભાવીનદફતરી |
| ૩. | સંસ્થાના બાળકોને સહખુશાલી પૌષ્ટિક આહાર આપવામાં આવ્યો હતો. | ૧૦૭ | ૧૧૨ | ૨૧૯ | શ્રી સત્કાર્ય સેવા ગ્રુપ |
| ૪. | શ્રી જસમિતભાઈ દેવાણીના જન્મ દિવસ નિમિત્તે સંસ્થાના બાળકોને પૌષ્ટિક આહાર આપવામાં આવ્યો હતો. | ૧૦૯ | ૧૧૫ | ૨૨૪ | શ્રી પ્રેમભાઈ દેવાણી<br>શ્રી મીનાબેન દેવાણી |
| ૫. | સંસ્થાના બાળકોને સહખુશાલી પૌષ્ટિક આહાર આપવામાં આવ્યો હતો. | ૨૪૬ | ૨૫૧ | ૪૯૭ | શ્રી શિયા સમાજ સેવક ગ્રુપ |
| ૬. | સ્વ. આરતીબેન ટેભાણીના જન્મ દિવસ નિમિત્તે સંસ્થાના બાળકોને પૌષ્ટિક આહાર આપવામાં આવ્યો હતો. | ૨૩૧ | ૨૪૮ | ૪૭૯ | શ્રી અજયભાઈ ટેભાણી |
| ૭. | સંસ્થાના બાળકોને સહખુશાલી પૌષ્ટિક આહાર આપવામાં આવ્યો હતો. | ૨૩૯ | ૨૪૩ | ૪૮૨ | શ્રી પ્રશાંતભાઈ મામતોરા |




# બાળકો માટેની અન્ય પ્રવૃત્તિઓ

સંસ્થા દ્વારા જરૂરિયાતમંદ બાળકોને શિક્ષણ આપવાની સાથે સાથે જીવન જરૂરિયાતની વસ્તુનું વિતરણ પણ કરવામાં આવે છે.


➤ **વર્ષ ૨૦૨૫ના માર્ચ મહિનામાં બાળકોને જીવન જરૂરિયાતની વસ્તુઓનાં વિતરણની યાદી અને દાતાશ્રીઓના નામ નીચે મુજબ છે.**

| ક્રમ | પ્રસંગનું નામ | બાળકોની સંખ્યા | | | દાતાશ્રી નું નામ |
|---|---|---|---|---|---|
| | | M | F | T | |
| ૧. | સ્વ. અરૂણાબેન શાહની પૂણ્ય તિથિ નિમિત્તે સંસ્થાના બાળકોને સ્ટેશનરીનું વિતરણ કરવામાં આવ્યું હતું. | ૨૨૭ | ૨૩૭ | ૪૬૪ | શ્રી ભારતીબેન ધ્રુવ<br>શ્રી સ્મિતાબેન ગાંધી<br>શ્રી હરિશભાઈ ગાંધી<br>શ્રી ઓમ ભાવીનદફતરી |
| ૨. | સંસ્થાના બાળકોને સહ ખુશાલી સ્ટેશનરીનું વિતરણ કરવામાં આવ્યું હતું. | ૨૪૬ | ૨૫૧ | ૪૯૭ | શ્રી શિયા સમાજ સેવક ગ્રુપ |

## LIST OF VISITORS DURING THE MONTH OF MARCH

| No. | Name of Visitors |
|---|---|
| 1. | Shree Dipakbhai Gohel<br>Shree Bhavishaben Gohel<br>Shree Kuntaben Gohel<br>Shree Shobhaben Rathod |
| 2. | Shree Harishbhai Gandhi<br>Shree Smitaben Gandhi<br>Shree Bhartiben Gandhi |
| 3. | Shree Jasmitbhai Devani<br>Shree Prembhai Devani<br>Shree Meenaben Devani |
| 4. | Shree Ajitbhai Solanki<br>Shree Himanshubhai Desai |
| 5. | Shree Shiya Samaj Sevak Group |

## APRIL -2025 TENTATIVE PROGRAM

| Date | Plan |
|---|---|
| 05 April 2025 | Ram Navami Festival celebration |
| 06 April 2025 | Medical Camp for Eye Cataract surgery |
| 12 April 2025 | Hanuman Jayanti Celebration |
| 14 April 2025 | Dr. Babasaheb Ambedkar Jayanti Seminar |
| 19 April 2025 | Overall Development Activity |
| 26 April 2025 | Overall Development Activity |
| 29 April 2025 | Maharshi Parshuram Jayanti Celebration |

# માર્ચ-૨૦૨૫ના ફોટોગ્રાફસ

















## આપને સહભાગી થવા નિમંત્રણ:

તકવંચિત બાળકો પ્રત્યેની જવાબદારીની આ યાત્રા આપણો એક નમ્ર પ્રયત્ન છે. મર્યાદાઓ અને પડકારો અનેક છે, પરંતુ આપ સૌની શુભેચ્છાઓ અને સક્રીય સહયોગ અમારા માટે પ્રેરણારૂપ બની રહેશે.

સંસ્થાની વધતી જતી પ્રવૃતિઓ અને વધતા જતા વ્યાપ અને વિસ્તરણ માટે એ બાબત સ્વાભાવિક જ છે કે એ માટે સંસ્થાનું ભંડોળ વધે. આના માટે ઉદાર દાતાઓની સખાવત અમારા માટે નવું પ્રેરણાબળ પુરું પાડશે. દાન, અનુદાન દ્વારા આપ પણ આ સંસ્થાના સેવાકીય વિકાસ સાથે જોડાઓ તેવી અમારી વિનમ્ર અપીલ છે. સંસ્થા સંપુર્ણપણે આવા દાન દ્વારા જ વધુ વિકસશે. તેને દરિદ્રનારાયણોની સેવામાં વધુમાં વધુ આગળ વધવાની તક મળશે.

**સંસ્થાને અપાતી આર્થિક સહાય ૮૦(જી) હેઠળ કરમુકત છે.**

**80(G) No.: DIT(E)/80G(5)/351/SF/2015-16, Dt. 21-01-2016**
**PAN No.: AAPTS4988N**

**બેંકની વિગત**

Sneha Foundation
IDBI Bank Account No. : 0071104000438575
IFS Code : IBKL0000071
UPI ID : 1000200723000011.9328283281@idbi

**UPI QR CODE**

**આ સેવાયજ્ઞમાં જોડાવા માટે આપ અમારો સંપર્ક કરો:**

૯૩૨૮૨૮૩૨૮૧ - ૯૫૮૬૯૮૬૩૨૧૮ - ૯૫૧૦૮૮૯૯૦

snehafoundation1709@gmail.com

www.snehafoundation.co.in

Snehafoundation Trust

Snehafoundation Trust

Snehafoundation Trust

**નોંધઃ- કોર્પોરેટ કંપનીના CSR ફંડ માંથી દાન સ્વીકાર્ય છે.**

સંકલન :- વિરલ ગીલ, વિમલ વાઘેલા